જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૫/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૯૦/૧૭

ખોખરા પોલીસ સ્ટેશન :

ગેરકાયદેસર પ્રોહીબીશન ના જથ્થો ઝડતી પાડતી ખોખરા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા મે. અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ અમદાવાદ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી 'આઈ' ડીવીઝન અમદાવાદ શહેર નાઓની દ્વારા આપવામાં આવેલ અમદાવાદ શહેર વિસ્તાર ના પોલીસ સ્ટેશનનોમાં ગેરકાયેદસર ની પ્રોહીબીશન ની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સબબ સારૂ આપેલ સુચના અનુસાર રાખવા આવેલ પોલીસ ઈન્સપેકટર શ્રી આર.એ જાદવ નાઓ સાથે સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ દરમ્યાન મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ખોખરા પો.સ્ટે પ્રોહી ગુરન-૫૩૩૦/૨૦૧૭ ધી પ્રોહી એકટ કલમ ૬૬બી, ૬૫(એ),(ઈ) ૧૧૬(૧) બી,૮૧ મુજબ ના કામના આરોપી સંજય સન/ઓ હકીમસીંગ ચૌહાણ(રાજપુત) ઉ.વ-૩૭ રહે-મનં-૩ બાબુભાઈ ની ચાલી જૈન મંદિર પાસે મહાવીરનગર અમરાઈવાડી અમદાવાદ નાનો તેના કબજામાં ઓટોરીક્ષા જીજે-૨૭-ડબલ્યું-૫૯૦૯ માં તા-૨૩/૫/૨૦૧૭ ના કલાક ૧/૪૫ વાગે સીટીએમ ચાર રસ્તા તેના કબજામાં વગર પાસપરમીટે પોતાના કબજાના પરપ્રાત ની ૭૫૦ મીલી ની અગ્રેજીદારૂ બોટલ નંગ-૫૮ કુલ્લે કિ.રૂ.૧૭,૪૦૦/- ના મુદામાલ આરોપી ભવરસીહ @ ગબ્બર હનુમાનસીહ રાજાવત રહે- બી/૪૦૮ નૈયા એપાર્ટમેન્ટ રામોલ રીંગ રોડ પાસે રામોલ અમદાવાદ નાને આપવા જતા રસ્તામાં પકડાઈ ગયેલ અને જે કુલ્લે અગ્રેજીદારૂ બોટલ નંગ-૫૮ કુલ્લે કિ.રૂ.૧૭,૪૦૦/- તથા ઓટોરીક્ષા કિ રૂ.૧,૨૫,૦૦૦/- જે કુલ્લે કિ રૂ.૧,૪૨,૪૦૦/- ના મુદામાલ સાથે મળી આવેલ પકડાઈ ગયેલ વિગેરે બાબતે ગુન્હો દાખલ કરી જે આગળ ની તપાસ તજવીજ ચાલુ છે

રામોલ પોલીસ સ્ટેશન :

# ગુમથનાર છોકરાને શોધી તેનો કબ્જો તેના વાલી- વારસને સોંપતી રામોલ પોલીસ અમદાવાદ શહેર



રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૨૨/૧૭ ઇપીકો કલમ ૩૬૩ મુજબના ગુનાના કામે ફરીયાદીબેન પાર્વતીબેન વા/ઓ રામબહાદુર બિરબલભાઇ કારકી રહે. બી/૧ આશાદીપ સોસાયટી સીટીએમ રામોલ રોડ અમદાવાદ શહેર નાઓનો દિકરો મનોજ સ/ઓ રામબહાદુર કારકી ઉવ.૧૨ નાનો તા.૧૯/૦૫/૧૭ ના કલાક ૧૭/30 વાગ્યાના સુમારે ઘરેથી ક્રિકેટ રમવા ગયેલ જે ઘરે પરત આવેલ ન હોય જે ગુનાના કામે ગુમથનારની તપાસમાં રહેવા સારૂ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ડો. ગીરીશભાઇ પંડ્યા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી રઘુવંશી સાહેબ તથા ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.જે.જાદવ સાહેબ નાઓ તરફથી મળેલ સુચના આધારે અમો સર્વેલન્સ સ્કોડના માણસોની સાથે સતત પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આજરોજ તા.૨૩/૦૫/૨૦૧૭ ના રોજ ગુમથનાર મનોજ સ/ઓ રામબહાદુર કારકી ઉવ.૧૨ નાનો એક્ષપ્રેસ હાઇવે સીટીએમ ખાતેથી મળી આવેલ હોય જેની પુછપરછ કરતા પોતે ક્રિકેટ રમવા નિકળેલ અને પોતાના ઘરનો રસ્તો ભુલ ગયેલ હોય તેમ જણાવતો હોય જેનો કબ્જો તેના વાલીવારસને સોંપવામાં આવેલ છે.

**<u>પાલડી પોલીસ સ્ટેશન :</u>**

## નાસતો ફરતો આરોપી પકડતી

## પાલડી પોલીસ

આજ રોજ અમો તથા સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી રાહે હકીકત મળેલ કે એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.393/13 ધી ઈ.પી.કો.કલમ 408, 418, 381, 467, 468, 471, 506(2), 114 મુજબના કામનો નાસતો ફરતો આરોપી હિતેશભાઈ ભીખુભાઈ મકવાણા ઉ.વ.33 રહે.15/169 બાગે ફિરદોશ પોલીસ લાઈન વિભાગ-1, હાટકેશ્વર, અમરાઈવાડી અમદાવાદ નાનો અત્યારે એન.આઈ.ડી. ચાર રસ્તા પાસે તેના કોઈ કામ અર્થે ઉભેલ છે જેથી ત્યાં જઈ તપાસ કરતા મળી આવતા તેને આજ રોજ તા.23/05/2017 ના કલાક 14/00 વાગે મળી આવતા સી.આર.પી.સી.કલમ 41(1)(આઈ) મુજબ પકડી અટક કરી એલીસબ્રીજ પો.સ્ટે.ને વધુ તપાસ અર્થે સોંપેલ છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.